# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો.બો. નંબર: ૧૦,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિશન ગ્રેડ: "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; ઈ-મેલ: exam_spu@spuvvn.edu; વેબસાઈટ: www.spuvvn.edu


નંબર : ઇ-૩/1222

પરીક્ષા વિભાગ
તારીખ: ૧૪/૦૭/૨૦૨૬
17

પ્રતિ,
વડાશ્રી,
અનુસ્નાતક વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સંલગ્ન કોલેજ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર.

**વિષય :** ABC ID અને યુનિવર્સિટી પરીક્ષા બાબત.

**સંદર્ભ :** (૧) પરીક્ષા વિભાગનો તારીખ : ૨૬/૦૭/૨૦૨૪નો પત્ર નંબર : ઇ-૩/૧૧૧૦.
(૨) પરીક્ષા વિભાગનો તારીખ : ૧૮/૧૨/૨૦૨૪નો પત્ર નંબર : ઇ-૩/૨૨૫૯.
(૩) પરીક્ષા વિભાગનો તારીખ : ૧૫/૦૭/૨૦૨૫નો પત્ર નંબર : ઇ-૩/૧૧૫૮
(૪) કમીશ્નર, ઉચ્ચ શિક્ષણ, ગુ.રા. અને સીઇઓ, કેસીજીનો તારીખ : ૧૩/૦૭/૨૦૨૬નો પત્ર.

સુજ્ઞશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાનમા યુનિવર્સિટી સંલગ્ન તમામ વિભાગોનાં વડાશ્રીઓ/કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦** અનુસાર યુનિવર્સિટીનાં તમામ વિદ્યાર્થીઓની માર્કશીટ **એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ ABC ID** નાં પોર્ટલ પર અપલોડ કરવાની હોવાથી **વર્ષ ૨૦૨૧-૨૨ અને ત્યારબાદ** ના આપની કોલેજ/વિભાગમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ આઇડી **ABC ID** બનાવવાનાં થાય. ઉપરોક્ત સંદર્ભ (૪) પ્રમાણે આપના વિભાગ/કોલેજનાં તમામ વિદ્યાર્થીઓનાં ૧૦૦% ABC/APAAR ID Create/Capture કરવાના રહેશે.

એકેડેમીક વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૬-૨૭ સુધીમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેમના ABC ID બન્યા ન હોય તેવા તમામ વિદ્યાર્થીઓનાં ABC ID **તારીખ : ૧૪/૦૮/૨૦૨૬** સુધીમાં ફરજીયાત બનાવવાનાં રહેશે.

એકેડેમીક વર્ષ ૨૦૨૬-૨૭ અને ત્યારબાદ આવનાર દરેક પરીક્ષાનાં પરીક્ષા ફોર્મ ABC ID વગર ભરી શકાશે નહિ તેની ગંભીરતાથી નોંધ લઇ, ABC ID માટેની ઘટીત કાર્યવાહી કરવા ખાસ જણાવવામાં આવે છે.

વધુમાં જો ABC ID નાં કારણે કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ભરવાનું બાકી રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થી/કોલેજ/વિભાગની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

**નોંધ.** (૧) એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ અંગેની માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.

(૨) શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ અને ૨૦૨૬-૨૭માં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓ કે જેઓનાં ABC ID બનાવવાનાં બાકી હોય તો તે બનાવી **તારીખ : ૧૪/૦૮/૨૦૨૬** સુધીમાં યુનિવર્સિટી પોર્ટલ ઉપર ફરજીયાત પણે એન્ટ્રી કરવાની રહેશે.

(૩) યુનિવર્સિટી સંલગ્ન તમામ વિભાગો/કોલેજોએ દરેક વિદ્યાર્થીઓનાં ABC ID ચકાસણી કર્યા બાદ જ યુનિવર્સિટી પોર્ટલ પર એન્ટ્રી કરવા.

(૪) ABC ID બનાવવા માટે આધાર કાર્ડ સાથે મોબાઇલ નંબર લીંક હોવો જરૂરી છે તેથી આ બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા વિનંતી છે.

કુલસચિવ